GJPM020138032025

Presented on : 06-12-2025
Registered on : 06-12-2025
Decided on : 22-07-2026
Duration : 7M 16D

---

**ગોધરાનાં મહેરબાન ત્રીજા એડી.સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં જી.પંચમહાલ, મુ.ગોધરા.**

---

**<u>ફોજ દારી કેસ નં. ૧૧૨૪૮/૨૦૨૫</u>**
આંક–

**ફરીયાદી :–** શ્રી સ ર કા ર.

**વિરૂઘ્ઘ**

આરોપી :– ૧) મોહસીન સાદ્દિક હઠીલા, ઉ.વ. ૩૦,
રહે. લીલેસરા તકવા મસ્જીદ પાસે,
તા. ગોધરા, જિ. પંચમહાલ
૨) સીરાજ અબ્દુલ્લા ખાલપા, ઉ.વ. ૩૫,
રહે. લીલેસરા તકવા સોસાયટી,
તા. ગોધરા, જિ. પંચમહાલ
૩) મહેબુબભાઈ સાદ્દિક હઠીલા, ઉ.વ. ૩૨,
રહે. ગોન્દ્રા અલીમા મસ્જીદ પાસે,
તા. ગોધરા, જિ. પંચમહાલ

---

ગુનો :– ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૯(૧), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪, તથા જી. પી. એકટ ની કલમ ૧૩૫ મુજબ.

---

**–:: કમીટલ હુકમ ::–**

(૧) સદરહુ કામે ગોધરા શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૦૨૨૫૦૪૯૨/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૯(૧), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨)(૩), ૫૪, તથા જી. પી. એકટ ની કલમ ૧૩૫ મુજબ આરોપીઓ સામે ઉપરોકત ગુનાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમા ઈન્સાફી કાર્યવાહી માટે રજુ કરવામાં આવ્યું છે.

(૨) આરોપીઓ નામદાર કોર્ટમા હાજર થતા તેઓન સંહીતાની ભારતીય નાગરીક સુરક્ષા કલમ–૨૩૦ ની જોગવાઈ અનુસાર પોલીસ તપાસના કાગળો મળ્યા અંગેની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીઓ પોતાના આંક – ૧૨ થી ૧૪ નિવેદનમાં જણાવેલ છે કે, તેઓ ખાનગી વકીલ રોકી બચાવ કરવા માંગે છે. તેમજ આરોપીઓ જામીન મુકત હોય જામનદાર તરીકે જામીન ચાલુ રહેવા અંગેની પુરશીશ આંક – ૧૬ થી રજુ રાખેલ છે, તેમજ આરોપીઓ સામેના ઉપરોકત ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તાં અત્રેની કોર્ટને ન હોય અને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૩૨ અન્વયે માત્ર નામદાર સેશન્સ કોર્ટને જ સત્તા હોઈ, તેથી હું આ કેસ ન્યાયના હિતમા કમીટ કરવા નિચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**:: હુ ક મ ::**

(૧) સદરહુ કેસ નામદાર સેશન્સ કોર્ટ,પંચમહાલ મું.ગોધરા સમક્ષ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કેસનુ તમામ અસલ રેકર્ડ, મુદ્દામાલ વિગેરે નામદાર સેશન્સ કોર્ટ,પંચમહાલ મુકામ–ગોધરા સમક્ષ મોકલી આપવુ.

(૩) કેસ કમીટ થયાની જાણ પબ્લીક પ્રોસીકયુટરને યાદીથી કરવી.

(૪) આ કામના આરોપીઓએ **તા. ૨૧–૦૮–૨૦૨૬ ના રોજ નામદાર સેશન્સ અદાલતમા સવારના ૧૧–૦૦ કલાકે** હાજર રહેવાની સમજ આપવી.

હુકમ આજરોજ તારીખ – ૨૨ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગોધરા.
તા. ૨૨/૦૭/૨૦૨૬

(ધવલકુમાર ચંદ્રકાંત ગોહીલ)
ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ગોધરા, પંચમહાલ.
(Code No.GJ01240)